# કેલિફોર્નિયાની 2020 ની સામાન્ય ચૂંટણીમાં કેવી રીતે મત આપવું

## તૈયાર થઇ જાઓ

જો તમે પહેલાથી જ મત આપવા માટે નોંધણી કરાયેલ છે, તો તમારે તમારી બધી માહિતી સાચી છે કે નહીં તેની ખાતરી કરવા **voterstatus.sos.ca.gov** પર જવું જોઈએ. તમારું સરનામું, ઇમેઇલ સરનામું તપાસો અને જો તમે ભાષાંતર કરેલી ચૂંટણી સામગ્રી પ્રાપ્ત કરવા માંગો છો તો જાણ કરો.

જો તમે નોંધણી કરાયેલ નથી, તો તમે **registertovote.ca.gov** પર ઓનલાઇન નોંધણી કરાવી શકો છો અથવા ડીએમવી, પોસ્ટ ઓફિસ, લાઇબ્રેરી અથવા તમારી કાઉન્ટી ચૂંટણી ઓફિસ પર થી ફોર્મ મેળવી શકો છો. જો તમે અંતિમ તારીખ ચૂકી ગયા હો તો તમે ચૂંટણીના દિવસે પણ નોંધણી કરાવી શકો છો..

## ઘરેથી મત આપો



જો તમે 19 ઓક્ટોબર સુધીમાં નોંધણી કરાયેલ છે, તો તમને મેલમાં તમારો મતપત્રક પ્રાપ્ત થશે. તમારો મતપત્રક ભરો, અને જરૂર થી હસ્તાક્ષર કરો, તારીખ લખો અને તેને સીલ કરો.

તમે તેને **મેઇલ દ્વારા** પરત કરી શકો છો. કોઈ ટપાલની જરૂર નથી! ખાતરી કરો કે તે 3 નવેમ્બરના રોજ દિવસના અંત પહેલા પોસ્ટ-માર્ક કરેલો છે.

તમે તેને તમારી કાઉન્ટી ચૂંટણી ઓફિસ અથવા કોઈપણ મતદાન સ્થળ અથવા મત કેન્દ્ર પર **છોડી શકો છો**. મોટાભાગની કાઉન્ટીઓ પાસે સુરક્ષિત ડ્રોપ બોક્સ પણ હોય છે જે ઓક્ટોબરની શરૂઆતમાં ઉપલબ્ધ હોય છે.



## હાજરીમાં મત આપો

ચૂંટણીનો દિવસ **મંગળવાર, 3 નવેમ્બર, 2020** છે. મતદાન **સવારે 7 વાગ્યાથી રાત્રીના 8 વાગ્યા** સુધી ખુલશે. તમે તમારા મતદાન સ્થળને અહીં જોઇ શકો છો: **sos.ca.gov/elections/polling-place**.

**મોટાભાગની કાઉન્ટીઓ શનિવાર, ઓક્ટોબર 31, 2020 થી વ્યક્તિગત રૂપે મતદાન શરુ કરશે**, અને કેટલાકમાં અગાઉથી પણ વ્યક્તિગત રૂપે મતદાન થશે. તમારી સ્થાનિક ચૂંટણી ઓફિસમાં તપાસ કરો. તમે પ્રારંભિક મતદાન સ્થળો અને ડ્રોપ-બોક્સ અહીં જોઇ શકો છો: **caearlyvoting.sos.ca.gov**



પ્રક્રિયા શક્ય તેટલી સરળ બનાવવા માટે, જો તમને મેઇલ દ્વારા કોઈ મતપત્રક પ્રાપ્ત થયું હોય, તો મત માટે આપવા તેને તમારી સાથે લાવવાનો પ્રયાસ કરો.

55 Columbus Avenue, San Francisco, CA 94111 | T (415) 896-1701 | **www.advancingjustice-alc.org**